પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગસ્ટ, ૨૦૨૧, શનિવાર; શ્રાવણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશના માર્ગ પરથી અનફિટ વાહનો હટશે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'નવી સ્ક્રેપિંગ' પોલીસી લોન્ચ કરી : વાહનોની ઉંમર નહી, ફિટનેસને આધારે સ્ક્રેપ કરાશે : નવી કાર ખરીદવા પર ૫%ની છુટ, રજીસ્ટ્રેશન-રોડ ટેક્ષમાં પણ રાહત : દેશના માર્ગો પરથી ૧૫ થી ૨૦ વર્ષ જુના વાહનો હટાવવામાં પોલીસી મદદરૂપ બનશે, વૈજ્ઞાનિક ટેસ્ટ બાદ વાહનો સ્ક્રેપ કરાશે : આવા વાહનો ફીટનેસ ટેસ્ટમાં ફેલ થાય કે રજીસ્ટ્રેશન સર્ટી. રીન્યુ ન કરાવાય તો ૧લી જુન ૨૦૨૪થી રજી. રદ્દ થશે, દેશમાં શરૂ થશે ૪૫૦ - ૫૦૦ વ્હીકલ ફિટનેસ સેન્ટર : કેન્દ્રની નવી નીતિ ૧ ઓક્ટોબર ૨૦૨૧થી લાગુ થશે, અલંગ ખાતે દેશનો પ્રથમ સ્ક્રેપ પ્લાન્ટ શરૂ થશે**

ગાંધીનગર, તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગુજરાતમાં રોકાણકાર સમિટ દરમિયાન વ્હીકલ સ્ક્રેપ પોલિસીની જાહેરાત કરી હતી. નવી પોલિસી પહેલી ઓક્ટોબરથી લાગૂ થશે. વૈજ્ઞાનિક રીતે ટેસ્ટ કર્યા બાદ વાહનો સ્ક્રેપ કરાશે. ગુજરાતના અલંગ ખાતે વાહનો સ્ક્રેપ કરવાનો દેશનો પ્રથમ પ્લાન્ટ શરૂ કરાશે.

ફિટનેસ ટેસ્ટમાં ફેઈલ જનારા વાહનોને ભંગારમાં નાખી દેવાની ફરજ પાડવામાં આવશે. આ ફિટનેસ ટેસ્ટનો રિપોર્ટ જે તે સેન્ટરમાંથી ઓનલાઈન મૂકી દેવામાં આવશે. ગુજરાતમાં સુરત ખાતે અત્યારે એક ફિટનેસ સેન્ટર છે. આ ટેસ્ટના ક્રાયટેરિયા પણ હવે પછી જ જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે. જોકે પંદર વર્ષથી જૂના પેસેન્જર વેહિકલની ફિટનેસ ટેસ્ટ કરાવવા માટે રૂા. ૫૦૦૦ અને કોમર્શિયલ વેહિકલનો ફિટનેસ ટેસ્ટ કરાવવા માટે રૂા. ૨૦,૦૦૦થી વધુ રકમનો ખર્ચ કરવો પડી રહ્યો છે.

તેમણે આ પ્રસંગે કહ્યું કે, સ્વૈચ્છિક વાહન-ફલીટ આધુનિકીકરણ કાર્યક્રમ અથવા વાહન સ્ક્રેપિંગ પોલિસી હેઠળ વાહન સ્ક્રેપિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે રોકાણને આમંત્રણ આપવા માટે આ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. વીવીએમપી હેન્ડબુકનું અનાવરણ

● અનુસંધાન પાન-૭ પર






## નવી પોલિસી હેઠળ એક કરોડ વાહનો સ્ક્રેપમાં જશે

### ખાનગી વાહનો માટેના નિયમો

- ખાનગી વાહનો પ્રથમ રજિસ્ટ્રેશનથી ૧૫ વર્ષ સુધી માન્ય રહેશે
- ૧૫ વર્ષ બાદ ખાનગી વાહનોને ફિટનેશ રજિસ્ટેશન લેવું ફરજીયાત
- ૧૫ વર્ષ બાદ મેળવેલ ફિટનેશ સર્ટિફિકેટ પાંચ વર્ષ માન્ય રહેશે
- ખાનગી વાહનો માટે ઓટોમેટિક ફિટનેસ ટેસ્ટિંગ સેન્ટર પર ફિટનેસ ટેસ્ટ ૧ લી જૂન ૨૦૨૪ થી ફરજીયાત કરવાની વિચારણા
- જો કોઈ વાહન ફિટનેસ ટેસ્ટિંગમાં નિષ્ફળ જાય તો તે રીટેસ્ટ કરાવીને એપેલેટ ઓથોરિટીમાં જશે
- એપેલેટ ઓથોરિટીમાં પાસ થયેલા વાહનો આવરદા પૂર્ણ ગણાશે અને તે સ્ક્રેપમાં જશે

### કોમર્શિયલ વાહનો માટેના નિયમો

- કોમર્શિયલ વાહનોએ રજિસ્ટેશનના પ્રથમ વર્ષથી ૮ વર્ષ સુધી દર ૨ વર્ષે ફિટનેસ ટેસ્ટ કરાવવો પડશે
- ૮ વર્ષ બાદ કોમર્શિયલ વાહનોએ ૧૫ વર્ષ સુધી દર વર્ષે ફિટનેસ ટેસ્ટ કરાવવો પડશે
- ૧૫ વર્ષ બાદ કોમર્શિયલ વાહન ફિટનેસ ટેસ્ટમાં પાસ થાય તો તેને ૫ વર્ષ વધુ રજિસ્ટેશન રિન્યુઅલ આપવામાં આવશે
- ૧૫ વર્ષથી જુના કોમર્શિયલ અને ખાનગી વાહનોના ફિટનેસ ટેસ્ટ માટેના દરોમાં પણ મોટો વધારો કરવામાં આવ્યો છે

### આ પોલિસીનો શું લાભ થશે

- જુના વાહનોની સ્ક્રેપ વેલ્યુ વાહનોના એક્સ શોરૂમની કિંમતના ૪ થી ૫ ટકા સુધી મળી શકશે
- મોટર વાહન ટેકસ પર નોન ટ્રાન્સપોર્ટ વાહનો પર ૨૫ ટકા અને ટ્રાન્સપોર્ટ વાહનો પર ૧૫ ટકા છુટ
- નવા વાહનોની ખરીદી પર રજિસ્ટેશન ફી માફી કરવામાં આવશે

## સ્ક્રેપીંગ પાર્કથી ૫૦ હજાર રોજગારીનું સર્જન થશે : ગડકરી

કેન્દ્રીય રાજમાર્ગ અને વાહનવ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આ સ્ક્રેપીંગ નીતિ બેલ્જીયમ અને જાપાનના મોડેલનું અધ્યયન કરીને બનાવવામાં આવી છે. અલંગમાં જે સ્ક્રેપીંગ પાર્ક બનશે તેનાથી લગભગ ૫૦,૦૦૦ રોજગારીનું સર્જન થશે.

## રાજ્યમાં ૨૦૨૫ સુધીમાં ૨.૮ કરોડ વાહનો સ્ક્રેપ થશે : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૧૩

વડાપ્રધાન મોદીએ નેશનલ ઓટોમોબાઈલ સ્ક્રેપેજ પોલીસી લોન્ચ કરી. આ સંમેલનમાં સૌથી પહેલા કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ નીતિન ગડકરીએ સંબોધન કર્યું હતું અને ત્યારબાદ રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ સંબોધન કર્યું હતું.

મુખ્યપ્રધાને કહ્યું કે કેન્દ્ર અને રાજ્યની આ સંયુક્ત પહેલ આત્મનિર્ભર ભારત અભિયાનમાં અતિ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે તેમજ ગ્લોબલ ઓટોમોબાઈલ રીસાયકલીંગ સેક્ટરમાં ભારતની સ્થિતિને નવેસરથી પરિભાષિત કરશે. મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું ગુજરાત ભારતના સૌથી મોટા ઓટોમોબાઈલ હબમાંથી એક છે. ગુજરાતમાં ઘણી મોટી કંપનીઓ જેમકે ટાટા, ફોર્ડ, હોન્ડા, સુઝુકી જેવી તેમજ અન્ય ઘણી મોટી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ પણ છે. મોટા ઓટોમોબાઈલ નિર્માતાઓની સાથે રાજ્યમાં વાહનોની સંખ્યમાં પણ મોટો વધારો થયો છે. આ માટે આ જરૂરી બની ગયું છે કે આપણે જુના વાહનોને સ્ક્રેપ કરવા માટે આગળ આવીએ અને આ માટે સુવિધાઓ પણ વિકસાવીએ.

## રાજ્યમાં ચાર સ્થળે સ્ક્રેપ માટેના પાર્ક બનશે

કચ્છમાં જૂનાં વાહનના સ્ક્રેપ માટે પાર્ક બનશે. જૂનાં વાહનો પ્રદૂષણ વધારે છે અને રોડ સેફ્ટીની પણ સમસ્યા છે. સ્ક્રેપ પોલિસીને જાપાન અને બેલ્જિયમમાં લાગુ કરવામાં આવી છે. એશિયાના દેશો સ્ક્રેપિંગ માટે ગુજરાતમાં સ્ક્રેપ મોકલશે, જે કંડલાના માધ્યમથી ગુજરાતમાં આવશે. જૂનાં વાહનોનો નિકાલ કરવા માટે ગુજરાતમાં ચારથી પાંચ સ્થળે ભંગારવાડા બનાવવામાં આવશે. સ્ક્રેપમાં વાહન કાઢી નાખનારાઓને આપવામાં આવનારા પ્રમાણપત્ર પર તેમને નવા વાહનની ખરીદી બાદ રોડ ટેક્સમાં ૨૫ ટકાની રાહત આપવામાં આવશે. કોમર્શિયલ વ્હીકલ માટે આ રાહતની ટકાવારી ૧૫ની રાખવામાં આવશે. મોટર વ્હીકલ ટેક્સમાં પણ આ સર્ટિફિકેટ પર ૨૫ ટકા સુધીની રાહત મળશે. નવી પોલિસીથી દેશમાં રોજગારીનું પ્રમાણ વધશે અને વાહન ઉદ્યોગને વધારે ગતિ મળશે.

# શેરબજારમાં દિવાળી : સેન્સેક્સ ઐતિહાસિક સપાટીએ

**સેન્સેક્સ પ્રથમ વાર ૫૫ હજારને પાર : નિફ્ટી ૧૬,૪૦૦ની રેકોર્ડ સપાટીએ, આઇટી-બેન્કિંગ સ્ટોક્સમાં તેજી : વિશ્વમાં તેજીની વચ્ચે દેશના શેરબજારોમાં રોજ નવા રેકોર્ડ : સેન્સેક્સ ૫૯૩ના ઉછાળા સાથે ૫૫,૪૩૭, નિફ્ટી ૧૬૫ પોઈન્ટ્સના ઉછાળા સાથે ૧૬,૫૨૯ની સપાટીએ**


મુંબઈ, તા.૧૩

દુનિયાભરના શેરબજારોમાં જોવા મળી રહેલી તેજી વચ્ચે ભારતીય શેરબજારો પણ રોજેરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. આજે સેન્સેક્સ અને નિફ્ટી પોતાની સર્વોચ્ચ સપાટી પર બંધ થયા છે. આજના દિવસના કામકાજના અંતે સેન્સેક્સ ૫૯૩ પોઈન્ટ્સના ઉછાળા સાથે ૫૫,૪૩૭ જ્યારે નિફ્ટી ૧૬૪.૭૦ પોઈન્ટ્સના ઉછાળા સાથે ૧૬,૫૨૯ની સપાટી પર બંધ રહ્યા હતા. સેન્સેક્સ ગઈકાલે પણ ૫૪,૮૪૩ના ઓલટાઈમ હાઈ પર બંધ થયા બાદ આજે ૫૪,૯૯૧ પર ખૂલીને ૫૫,૪૮૭ સુધી પહોંચ્યા બાદ ૫૫,૪૩૭ પર બંધ થયો હતો.

નિફ્ટી ૫૦માં આજે સૌથી વધુ ઉછળેલા શેર્સમાં ટાટા કન્ઝ્યુમર્સ પ્રોડક્ટ સૌથી ઉપર રહ્યો હતો. ૪.૨૯ ટકાના ઉછાળા સાથે આ શેર ૮૦૭.૪૫ના સ્તરે બંધ આવ્યો હતો. ત્યારબાદ ટીસીએસ બીજા ક્રમે રહ્યો હતો. જે આજે ૩.૩૩ ટકાના ઉછાળા સાથે પોતાની ઓલટાઈમ ૩૪૮૦ રુપિયાની સપાટી પર બંધ આવ્યો હતો. આ ઉપરાંત, એલટી પણ આજે ૧૬૭૬ની પોતાની ઓલટાઈમ હાઈ સપાટી પર બંધ થયો છે. આજે જોકે, બીએસઈના સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો.જ્યારે લાર્જકેપ ઈન્ડેક્સ ૦.૮૬ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

આજે ઉછળનારા સેક્ટર્સની વાત કરીએ તો, મેટલ શેર્સ, આઈટી તેમજ બેંકોમાં જોરદાર તેજી જોવા મળી હતી. રિલાયન્સ પણ આજે ૧.૬૭ ટકા ઉછળીને ૨૧૪૫ પર બંધ આવ્યો હતો. એચડીએફસી બેંક આજે ૧.૬૫ ટકાના વધારા સાથે ૧૫૨૬ જ્યારે ટાટા સ્ટીલ ૧.૮૩ ટકાના ઉછાળા સાથે પોતાની ઓલટાઈમ હાઈ સપાટીને સ્પર્શવાથી બસ થોડો જ દૂર રહ્યો છે. આ સિવાય આજે ઈન્ફોસિસે પણ આજે ૧૭૨૨ રુપિયાનો પોતાનો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો. કંપનીનું માર્કેટ કેપિટલ પણ ૭.૧૯ લાખ કરોડ રુપિયાને આંબી ગયું છે.

## હાર્દિક અભિનંદન



**પવિત્ર રાહુલ બાબુભાઈ દેસાઈ**

જેમણે યુ.એસ.એ. માં યુ.એસ.મરીન કોર્પ્સ માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી છે,
આ પથ પર તમે તમારી પાંખો ફેલાવી નવી ઉંચાઈઓ સર કરશો અને આદર, હિંમત, વફાદારી અને સેવાનું ઉદાહરણ પુરૂ પાડશો.
જે સમાજ તથા ગાંધીનગર માટે ગૌરવની વાત છે.
આપે ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ આપને શુભાશિષ

શુભેચ્છક
બાબુભાઈ દેસાઈ (દાદા)
નિવૃત્ત પ્રિન્સીપલ - સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ
લીલાબેન બી. દેસાઈ (દાદી)
રાહુલ દેસાઈ (પિતા) ● મિનાક્ષી દેસાઈ (માતા)
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ, ગાંધીનગર
લાયન્સ-લાયોનેસ-લીઓ કલબ ઓફ ગાંધીનગર
પવિત્ર સોલ્યુસન ● ઘનશ્યામ ફર્નિચર
સેક્ટર-૨૧, ગાંધીનગર

# અફઘાનના કંધાર પર કબજો કર્યાનો તાલીબાનોનો દાવો

**અફઘાનિસ્તાનની સરકાર પરનું સંકટ વધુ ઘેરાયું : અફઘાનિસ્તાનથી અમેરિકા અને નાટો સેનાઓની વાપસીની વચ્ચે તાલિબાનની તાકાત સતત વધતી જઈ રહી છે**

કાબુલ,તા.૧૩

અફઘાનિસ્તાનથી અમેરિકા અને નાટો સેનાઓની વાપસીની વચ્ચે તાલિબાનની તાકાત સતત વધતી જઈ રહી છે. તાલિબાને હવે દાવો કર્યો છે કે તેણે દેશના બીજા સૌથી મોટા શહેર કંધાર પર કબજો કરી દીધો છે. તેને તાલિબાનની મોટી જીત તરીકે જોવામાં આવી રહી છે. નોંધનીય છે કે, આ શહેર એક સમયે તાલિબાનનો ગઢ હતો અને તે મુખ્ય વેપારી કેન્દ્ર અને વ્યૂહાત્મક રીતે મહત્વ્ પૂર્ણ છે. આ દરમિયાન સંયુક્ત રાજ્ય અમેરિકાએ કહ્યું કે, તેઓ અમેરિકન એમ્બસીથી કર્મચારીઓને બહાર કાઢવામાં મદદ કરવા માટે લગભગ ૩,૦૦૦ સૈનિકોને અફઘાનિસ્તાન મોકલી રહ્યા છે.

તાલિબાનના એક પ્રવક્તાએ ઓફિશિયલ એકાઉન્ટ પર ટ્વીટ કર્યુ કે, કંધાર સંપૂર્ણપણે જીતી લેવામાં આવ્યું છે. મુજાહિદીન શહેરના શહીદ ચોક પર પહોંચી ગયા છે. બીજી તરફ, બીબીસીએ સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે, હેલમંદ પ્રાંતની રાજધાની દક્ષિણી શહેર લશ્કર ગાહને પણ આતંકવાદીઓએ પોતાના કબજામાં કરી લીધું છે, જોકે હજુ સુધી તેની પુષ્ટિ નથી થઈ.

## દેશના ૧૦૦ ટાપુઓ ઉપર તિરંગો ફરકાવવામાં આવશે

**દેશના સ્વતંત્રતા દિવસની ૭૫મી વર્ષગાંઠ પર સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અનેક કાર્યક્રમોનું ઉદ્દઘાટન કરશે**

નવી દિલ્હી, તા.૧૩

દેશના સ્વતંત્રતા દિવસની ૭૫ મી વર્ષગાંઠ પર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અનેક કાર્યક્રમોનું ઉદ્દઘાટન કરશે. સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી નિવેદન અનુસાર આ કાર્યક્રમો શુક્રવારથી શરૂ કરવામાં આવશે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) દેશમાં ૭૫ મહત્વના હિલ સ્ટેશન ધરાવે છે.

રસ્તાઓ અને અન્ય સ્થળો પર તિરંગો ફરકાવીને બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાના તેમના સંકલ્પને દર્શાવશે. આ સાથે જ

● અનુસંધાન પાન-૭ પર

## અમૃતસરમાંથી હેન્ડ ગ્રેનેડ મળતાં ખળભળાટ

અમૃતસર,તા.૧૩

અમૃતસરના પોશ વિસ્તારમાં આવતા રણજીત એવન્યુમાં શુક્રવારે એક હેન્ડ ગ્રેનેડ પ્રાપ્ત થયો છે. હેન્ડ ગ્રેનેડ મળ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટના સ્થળે પોલીસ પહોંચી ગઈ હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવૉડ પણ આવી પહોંચી હતી. આ હેન્ડ ગ્રેનેડ કોઈએ ટિખળ કરવા માટે મુક્યો હતો કે આતંકવાદી ષડયંત્ર હતું તેની હજુ સુધી પુષ્ટિ થઈ શકી નથી. સ્વતંત્રતા દિવસના પર્વ અગાઉ બોમ્બ મળી આવતા પોલીસ વધુ સાવચેત બની ગઈ છે અને સુરક્ષા કડક બનાવી દીધી છે.

વાછાણી હોસ્પિટલ
'૦'-'૦' એરર ટેક્નોલોજી
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.
સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી



PRE ACCREDITED NABH Certified (Entry Level)
૨૪ કલાક તાત્કાલિક સારવાર
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
● વધુ માહિતી માટે સપર્ક કરો ●
મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫
૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧



બહેરાશ નિદાન તથા અત્યાધુનિક હિયરીંગ એઈડની સારવાર
સ્વતંત્રતા દિવસ નિમિત્તે કાનની બહેરાશની તપાસ તદ્દન ફ્રી
+100% ડીજીટલ અને પ્રોગ્રામેબલ હિયરીંગ એઈડ ઉપલબ્ધ
ડૉ.જીજ્ઞેશ રાજવીર
એમ.એસ.(ENT) ડી.એલ.ઓ.
ડૉ.અમીતકુમાર આનંદ
કલીનીકલ ઓડીયોલોજીસ્ટ & સ્પીચ પેથોલોજીસ્ટ (BASLP)
નારાયણી ENT સ્પીચ & હીયરીંગ કલીનીક & Apple સ્પીચ & હીયરીંગ કલીનીક
Narayani ENT CLINIC
Appointment Number 7863830803
Timing 10.00 to 1.00 pm
૧૦૦૮-૨, સેક્ટર-૭-સી, એસ.ટી.ડેપોની સામે, ગાંધીનગર.
સરકારી કર્મચારી તથા પેન્શનરોને સરકાર તરફથી રૂા.૨૫૦૦૦/- એક કાન માટે અને બીજા કામ માટે રૂા.૨૫૦૦૦/- મળીને કુલ રૂા.૫૦,૦૦૦/- સુધીની રીએમ્બર્સમેન્ટ કરી આપવાની સુવિધા મળશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧